BUSINESS મિત્ર

બેન્ક, આઇટી શેરોમાં વેચવાલી રહી, રિયલ્ટી અને મીડિયા શેરોમાં સુધારો

સતત ચોથા દિવસે શેરબજારમાં નરમાઇ, પણ મિડ-સ્મોલકેપ શેરોમાં સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 14: ભારતીય શેરબજારમાં આજે પ્રથમ દિવસે પણ નરમ વલણ ચાલુ રહ્યું હતું. આમ, સતત ચોથા દિવસે સતત ઘટાડો જોવા મળ્યો હતો. આજે બજારના ઘટાડામાં આઇટી શેરોની આગેવાની રહી હતી. આ ઉપરાંત, વિદેશી રોકાણકારોની અવિરત વેચવાલી પણ હાવી રહી હતી. જેના લીધે શેરબજારમાં સેન્સેક્સ તથા નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. એક તબક્કે, નિફ્ટીએ 25000 પોઇન્ટની સપાટી તોડી નાંખી હતી, પણ છેલ્લે તેની ઉપર બંધ રહી હતી. ટીસીએસના અપેક્ષા કરતા નબળા પરિણામના કારણે ટીસીએસની આગેવાની હેઠળ આઇટી શેરો નબળા રહ્યા હતા અને તેની પાછળ નિફ્ટી નરમ રહી હતી.

બીજી તરફ, ટુંકસમયમાં અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલની અપેક્ષા રાખી રહ્યું ચએ, જેમાં ભારત માટે ટેરિફ 20 ટકાની આસપાસ રહેશે. જો આમ થશે તો માર્કેટને ઈમોશનલી બુસ્ટ મળશે, જો વધુ ટેરિફ રહેશે તો બજાર વધુ તુટી શકે છે.

સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, મીડિયા અને કન્ઝ્યુમર ડયુરેબલ શેરો વધ્યા હતા. જ્યારે આઇટી, પ્રાઇવેટ બેન્ક અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

બીએસઇ સેન્સેક્સ 247.01 પોઇન્ટ એટલે કે 0.3 ટકા વધીને 82253.46 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 82537 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 82010 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 67.55 પોઇન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 25082.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25151 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25001 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 10.65 પોઇન્ટ એટલે કે 0.02 ટકા સુધરીને 56765.35 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે સુપ્રીમ ઇન્ડ.માં 10.3 ગણા, ન્યુલેન્ડ લેબમાં 8.94 ગણા, પીડીલાઇટ ઇન્ડમાં 8.2 ગણા, પેજ ઇન્ડ.માં 6.98 ગણા અને બજાજ હોલ્ડીંગ્સમાં 5.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ન્યુલેન્ડ લેબમાં 12.83 ગણા, ઓલા ઇલે.માં 11.24 ગણા, આનંદ રાઠી વેલ્થમાં 8.02 ગણા, કેસ્ટ્રોલ ઇન્ડિયામાં 7.74 ગણા અને પિરામલ એન્ટરમાં 6.27 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો નોંધાયો હતો. લાર્જકેપ શેરોની સામે મિડ-સ્મોલકેપ શેરો ઉછળ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.67 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.57 ટકા વધ્યા હતા. જ્યારે માર્કેટ બ્રેડથ 2065 શેરો વધ્યા હતા, જ્યારે 2121 શેર ઘટયા હતા અને કુલ 154 શેરો યથાવત રહ્યા હતા.

આજે ટ્રાવેલ ફુડ સર્વિસીસના આઇપીઓ 2.38 ટકા પ્રીમિયમ સાથે રૂ. 1126.90ના ભાવે લિસ્ટીંગ થયું હતું, જે છેલ્લે 2.59 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 1071.50ના સ્તરે બંધ રહ્યો હતો. એનએસઇ એસએમઇ સ્માર્ટન પાવર સીસ્ટમના આઇપીઓનું આજે 44 ટકા પ્રીમિયમ સાથે રૂ. 144ના ભાવે લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 100ના ભાવે ઓફર કર્યો હતો. જે 5.26 ગણો છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર 267 પોઇન્ટ લાલ નિશાનમાં ચાલી રહ્યો છે, ત્યારે આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન પર 30 ટકા ટેરિફની ધમકી આપ્યા બાદ આજે મોટા ભાગના યુરોપિનય બજાલો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. આ ઉપરાંત, નવી વેપારની નીતિ અંગની જાહેરાતની અસરને બજારે પચાવી લીધું હતું અને એશિયન બજારો ઉંચા સ્તરે બંદ રહ્યા હતા. રોકાણકારોનું ધ્યાન પણ આ સપ્તાહે અપેક્ષિત ચીન તરફથી જાહેર કરવામાં આવેલા મુખ્ય આર્થિક ડેટા પર ધ્યાન કેન્દ્રિત હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.40 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.48 ટકા અને ડેક્સ 0.91 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.28 ટકા, તાઇવાન 0.60 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઇ 0.27 ટકા, જકાર્તા 0.70 ટકા, કોસ્પી 0.82 ટકા, હેંગસેંગ 0.26 ટકા અને સ્ટ્રેઇટસ 0.52 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો વધુ તૂટયો, 86ની નજીક સરક્યો

કરન્સી બજારમાં આજે ડોલરની મજબૂતાઇ આગળ વધતી જોવા મળી હતી. ખાસ કરીને વિદેશી રોકાણકારોના આઉટફ્લોની અસર રૂપિયા પર પડી હતી. આજે રૂપિયો નબળો પડીને 86ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે રૂપિયો 18 પૈસા તૂટીને 85.98ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે 85.96ના સ્તરે ખુલ્યો જ હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 85.80ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 99.97, પાઉન્ડ 116.18, કેનેડિયન ડોલર 62.75, ઓસ્ટ્રલિયન ડલોર 56.74, સીંગાપોર ડોલર 67.17ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	85.98 રૂ.
યુરો	99.97 રૂ.
પાઉન્ડ	116.18 રૂ.
યેન	0.5841 રૂ.

સેન્સેક્સ	-247.01	82253.46
નિફ્ટી	-67.55	25082.30
બેન્ક નિફ્ટી	10.65	56765.35

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇર્ટનલ	2.75	270.60
ટાઇટન કંપની	1.28	3404.70
ઇન્ડસઇન્ડ બેન્ક	1.02	867.60
ઓએનજીસી	1.02	244.22
અદાણી એન્ટર	0.88	2581.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
જિયો ફાઇનાન્સ	2.06	319.10
ટેક મહિન્દ્રા	1.61	1576.70
બજાજ ફાઇનાન્સ	1.57	918.85
વિપ્રો	1.57	254.25
ઇન્ફોસીસ	1.54	1570.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇર્ટનલ	2.83	270.75
ટાઇટન કંપની	1.23	3400.10
આઇટીસી	0.54	419.30
સન ફાર્મા	0.54	1681.45
મહિન્દ્રા-મહિન્દ્રા	0.52	3090.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	1.55	1578.15
બજાજ ફાઇનાન્સ	1.54	918.95
ઇન્ફોસીસ	1.53	1570.45
એશિયન પેઇન્ટસ	1.58	2401.00
એચસીએલ ટેકનો	1.41	1614.00

ભારત સરકાર છેલ્લી ઘડીએ કેરળની નર્સ નિમિષા પ્રિયાની ફાંસી અટકાવી શકશે?



યુદ્ધગ્રસ્ત દેશ યમનમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલી ભારતીય નર્સ નિમિષા પ્રિયાને ૧૬ જુલાઈએ ફાંસી આપવામાં આવશે. નિમિષાને સ્થાનિક વ્યક્તિ અને તેના ભૂતપૂર્વ બિઝનેસ પાર્ટનર તલાલ અબ્દો મહદીની હત્યા બદલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ૨૦૧૭ માં મહદીનો મૃતદેહ પાણીની ટાંકીમાંથી મળી આવ્યો હતો. તેને બચાવવાનો એક માત્ર રસ્તો એ છે કે મહદીનો પરિવાર તેને માફ કરી દે. નિમિષાના પરિવાર અને સમર્થકોએ દિયા અથવા બ્લડ મની તરીકે ૧૦ લાખ ડોલરની ઓફર કરી છે, પરંતુ આ ત્યારે જ શક્ય બનશે કે મહદીનો પરિવાર આ રકમ સ્વીકારવાના બદલામાં નિમિષાને માફ કરી દે. સેવ નિમિષા પ્રિયા કાઉન્સિલના એક સભ્યે જણાવ્યું કે અમે હજુ પણ તેની માફીની રાહ જોઈ રહ્યા છીએ. ભારતના વિદેશ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે તેઓ હજુ પણ ઘટનાની વિગતો ચકાસી રહ્યા છે.

નિમિષા પ્રિયા ૨૦૦૮ માં ભારતના કેરળ રાજ્યથી નર્સ તરીકે કામ કરવા માટે યમન ગઈ હતી. ૨૦૧૭માં મહદીનો મૃતદેહ મળ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. ૩૪ વર્ષીય નિમિષા હાલમાં યમનની રાજધાની સનાની સેન્ટ્રલ જેલમાં બંધ છે. તેના પર મહદીને શામક દવાઓનો વધુ પડતો ડોઝ આપીને તેના શરીરના ટુકડા કરીને તેની હત્યા કરવાનો આરોપ હતો. નિમિષાના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે મહદીએ તેને શારીરિક ત્રાસ આપ્યો હતો, તેના બધા પૈસા છીનવી લીધા હતા, તેનો પાસપોર્ટ જપ્ત કર્યો હતો અને બંદૂકથી ધમકી આપી હતી. નિમિષા ફક્ત એનેસ્થેસિયા આપીને મહદી પાસેથી પોતાનો પાસપોર્ટ પાછો મેળવવા માંગતી હતી, પરંતુ ભૂલથી દવાનો ડોઝ ઓવરડોઝ થઈ ગયો હતો. ૨૦૨૦ માં, એક સ્થાનિક કોર્ટે તેને મૃત્યુદંડની સજા ફટકારી હતી. તેના પરિવારે આ નિર્ણયને યમનની સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો પરંતુ ૨૦૨૩ માં તેમની અપીલ ફગાવી દેવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૪ માં યમનના હુથી બળવાખોરોની સુપ્રીમ પોલિટિકલ કાઉન્સિલના અધ્યક્ષ મહદી અલ-મશાતે ફાંસીની સજાને મંજૂરી આપી હતી. યમનની ઇસ્લામિક કાનૂની વ્યવસ્થા શરિયા કહેવાય હેઠળ હવે તેમની પાસે ફક્ત એક જ છેલ્લી આશા પીડિતનો પરિવાર છે. જો તેઓ ઇચ્છે તો તેઓ બ્લડ મની લઈને તેને માફ કરી શકે છે.

નિમિષાની માતા ઘરેલુ કામદાર છે. તે ૨૦૨૪ થી યમનમાં છે અને તેની પુત્રીને બચાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. તેણે મહદીના પરિવાર સાથે વાટાઘાટો કરવા માટે યમનમાં રહેતા સામાજિક કાર્યકર્તા સેમ્યુઅલ જેરોમને નામાંકિત કર્યા છે. સેવ નિમિષા પ્રિયા ઇન્ટરનેશનલ એક્શન કાઉન્સિલ નામનું એક જૂથ લોકો પાસેથી ભંડોળ એકત્ર કરીને નાણાં એકત્ર કરી રહ્યું છે. સેમ્યુઅલ જેરોમે કહ્યું છે કે મહદીના પરિવારને દસ લાખ ડોલરની ઓફર કરવામાં આવી છે.

ભારતમાં તાલીમ પામેલી નર્સ નિમિષા પ્રિયા ૨૦૦૮માં કેરળથી યમન ગઈ હતી. તેને રાજધાની સનાની એક સરકારી હોસ્પિટલમાં નોકરી મળી ગઈ હતી. ૨૦૧૧ માં નિમિષા ટોમી થોમસ સાથે લગ્ન કરવા માટે કેરળ ગઈ અને પછી તે બંને યમન ગયાં હતાં. ડિસેમ્બર ૨૦૧૨ માં તેમને એક પુત્રીનો જન્મ થયો હતો. તેમને યમનમાં યોગ્ય નોકરી મળી શકી નહીં, જેના કારણે તેમને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને ૨૦૧૪ માં તેઓ તેમની પુત્રી સાથે કોચી પાછા ફર્યાં હતાં. તે જ વર્ષે નિમિષાએ ક્લિનિક ખોલવા માટે તેની ઓછી પગારવાળી નોકરી છોડી દેવાનું નક્કી કર્યું હતું. યમનના કાયદા હેઠળ, આમ કરવા માટે સ્થાનિક ભાગીદારની જરૂર પડે છે અને આ તે સમય છે જ્યારે મહદી વાર્તામાં પ્રવેશ કરે છે. મહદી કપડાની દુકાન ચલાવતો હતો અને તેની પત્નીએ નિમિષા જે ક્લિનિકમાં કામ કરતી હતી ત્યાં એક બાળકીને જન્મ આપ્યો હતો.

જાન્યુઆરી ૨૦૧૫માં જ્યારે નિમિષા ભારત આવી ત્યારે મહદી તેની સાથે આવી હતી. નિમિષા અને તેના પતિએ મિત્રો અને પરિવાર પાસેથી લગભગ ૫૦ લાખ રૂપિયા એકઠા કર્યા હતા અને એક મહિના પછી નિમિષા પોતાનું ક્લિનિક ખોલવા માટે યમન પાછી ફરી હતી. થોમસ અને તેની પુત્રીને પાછા લાવવાના પ્રયાસો શરૂ થયા હતા. તે જ સમયે યમનમાં ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું હતું. તે સમય દરમિયાન ભારતે યમનમાંથી તેના ૪,૬૦૦ નાગરિકો અને ૧,૦૦૦ વિદેશી નાગરિકોને બહાર કાઢ્યાં, પરંતુ નિમિષા પરત ન આવી શકી. યમનમાં નિમિષાની હાલત ટૂંક સમયમાં જ બગડી ગઈ હતી અને તેણે મહદી વિશે ફરિયાદ કરવાનું શરૂ કર્યું હતું.

નિમિષાની માતા પ્રેમાકુમારીએ ૨૦૨૩માં દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે મેહદીએ નિમિષાના લગ્નના ફોટા તેના ઘરમાંથી ચોરી લીધા હતા અને બાદમાં તેમાં છેડછાડ કરીને દાવો કર્યો હતો કે તેણે નિમિષા સાથે લગ્ન કર્યા છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મહદીએ નિમિષાને ઘણી વખત ધમકી આપી હતી અને તેનો પાસપોર્ટ પણ રાખી મૂક્યો હતો. જ્યારે નિમિષાએ આ અંગે પોલીસમાં ફરિયાદ કરી ત્યારે પોલીસે તેને છ દિવસ માટે જેલમાં ધકેલી દીધી હતી. નિમિષાના પતિ થોમસને ૨૦૧૭ માં મહદીની હત્યા વિશે ખબર પડી હતી. થોમસને યમનથી સમાચાર મળ્યા કે નિમિષાને તેના પતિની હત્યા કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. થોમસ માટે આ આઘાતજનક હતું કારણ કે તે પોતે નિમિષાનો પતિ હતો. મહદીનો વિકૃત મૃતદેહ પાણીની ટાંકીમાંથી મળી આવ્યો હતો અને એક મહિના પછી નિમિષાની સાઉદી અરેબિયા સાથેની યમનની સરહદ નજીકથી ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે મેહદીએ ક્લિનિકના માલિકીના દસ્તાવેજ સાથે છેડછાડ કરી હતી અને તેને પોતાની હોવાનો દાવો કર્યો હતો. તેણે ક્લિનિકમાંથી પૈસા પણ લેવાનું શરૂ કર્યું હતું અને નિમિષાનો પાસપોર્ટ પણ રાખ્યો હતો.

ગયા વર્ષે ડિસેમ્બરમાં નિમિષાના પરિવારે આ મામલે ભારત સરકાર પાસેથી તાત્કાલિક હસ્તક્ષેપની માંગણી કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે આ બાબતે એક નિવેદન બહાર પાડ્યું હતું અને શક્ય તમામ મદદની ખાતરી આપી હતી. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે અમે યમનમાં નિમિષા પ્રિયાને આપવામાં આવેલી સજાથી વાકેફ છીએ. અમે સમજીએ છીએ કે પ્રિયાના પરિવાર બધા ઉપલબ્ધ વિકલ્પો શોધી રહ્યા છે. ભારત સરકાર આ મામલે શક્ય તમામ મદદ પૂરી પાડી રહી છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં મિડિયા અહેવાલો બહાર આવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મહદીના પરિવાર સાથે વાટાઘાટો દ્વારા માફી મેળવવાના પ્રયાસો નિષ્ફળ ગયા બાદ મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી.

૧૦ જુલાઈના રોજ, સ્વયંસેવક જૂથ સેવ નિમિષા પ્રિયા ઇન્ટરનેશનલ એક્શન કાઉન્સિલે ભારતીય સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી માંગણી કરી છે કે ભારત સરકાર નિમિષા પ્રિયાને બચાવવા માટે રાજદ્વારી સ્તરે હસ્તક્ષેપ કરે. સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરવા સંમતિ આપી છે અને તેની સુનાવણી ૧૪ જુલાઈએ થવાની છે. ઉપરાંત, ફાંસીની તારીખની માહિતી પ્રકાશમાં આવ્યા પછી મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે અરજદારોને ભારતના એટર્ની જનરલને અરજીની નકલ પ્રદાન કરવા જણાવ્યું છે. કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું કે જો ભારત સરકારે આ મામલે કોઈ કાર્યવાહી કરી હોય તો એટર્ની જનરલ દ્વારા કોર્ટને જાણ કરો.

ભારત સરકારે સંસદમાં જણાવ્યું હતું કે વિશ્વના આઠ દેશોમાં કુલ ૪૯ ભારતીય નાગરિકોને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. આમાંથી ૨૫ ભારતીયોને ફક્ત સંયુક્ત આરબ અમીરાત (UAE) માં જ આ સજા આપવામાં આવી છે. ૨૦૨૪ માં સાઉદી અરેબિયાએ કુલ ૧૦૧ લોકોને મૃત્યુદંડની સજા ફટકારી હતી, જેમાં ત્રણ ભારતીયોનો સમાવેશ થાય છે. એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ અનુસાર ૨૦૨૪ માં આખી દુનિયામાં ૧,૫૧૮ લોકોને ફાંસી આપવામાં આવી હતી, જે ૨૦૨૩ કરતાં ૩૨% વધુ છે. આ સંખ્યા ૨૦૧૫ પછી સૌથી વધુ છે. સૌથી વધુ ૯૭૨ ફાંસીની સજા ઈરાનમાં આપવામાં આવી હતી, જેમાંથી ૩૦ મહિલાઓ હતી. સાઉદી અરેબિયામાં ૩૪૫ લોકોને અને ઇરાકમાં ૬૩ લોકોને ફાંસી આપવામાં આવી હતી. ચીન, વિયેતનામ અને ઉત્તર કોરિયા માટેના આંકડા ઉપલબ્ધ નથી, પરંતુ ત્યાં મૃત્યુદંડ બહુ સામાન્ય માનવામાં આવે છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

નિમિષા પ્રિયા ૨૦૦૮ માં ભારતના કેરળ રાજ્યથી નર્સ તરીકે કામ કરવા માટે યમન ગઈ હતી. ૨૦૧૭માં મહદીનો મૃતદેહ મળ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી

ભારતના ડેરી ઉદ્યોગમાં અમેરિકાની એન્ટ્રી થશે તો એક લાખ કરોડ રૂપિયાનું નુકશાન થશે: એસબીઆઇની ચેતવણી

જો ભારતમાં અમેરિકાથી આયાત શરૂ થશે તો તેનાથી નાના ડેરી ખેડૂતોની આજીવિકા પર ગંભીર અસર પડશે

નવી દિલ્હી, તા. 14: ભારત અમેરિકા સાથે ટ્રેડ ડીલને આખરી ઓપ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યારે એસબીઆઈએ ડેરી સેક્ટરને લઈને ચેતવણી જારી કરી છે. તેણે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે જો ભારતનું ડેરી ક્ષેત્ર અમેરિકાની આયાત માટે ખોલવામાં આવે તો ભારતના ડેરી ખેડૂતોને દર વર્ષે લગભગ 1.03 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થશે.

ઈન્ડિયા યુએસ ટ્રેડ ડીલ પર એસબીઆઈના રિપોર્ટ મુજબ અમેરિકી ડેરી સેક્ટરને ઘણી સબસિડી મળે છે. જો ભારતમાં અમેરિકાથી આયાત શરૂ થશે તો તેનાથી નાના ડેરી ખેડૂતોની આજીવિકા પર ગંભીર અસર પડશે. અમેરિકાની આયાતને કારણે ભારતમાં દૂધના ભાવમાં ઓછામાં ઓછા 15 ટકાનો ઘટાડો થશે. તેનાથી ડેરી ખેડૂતોને દર વર્ષે 1.03 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થશે.

નોંધપાત્ર વાત એ છે કે, કૃષિ અને ડેરી ક્ષેત્ર પર સમજૂતીના અભાવને કારણે, બંને દેશો વચ્ચેના વેપાર સોદાને હજી સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. એસબીઆઈનું કહેવું છે કે અમેરિકામાં સબસિડીના કારણે ભારત દર વર્ષે લગભગ 2.5 કરોડ ટન દૂધની આયાત કરશે.

ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થામાં ડેરી ક્ષેત્રનો મહત્વનો ફાળો છે. ગ્રોસ વેલ્યુ એડેડમાં આ ક્ષેત્રનો ફાળો 2થી 3 ટકા છે. મૂલ્યની દ્રષ્ટિએ જોઈએ તો તે 7.5-9 લાખ કરોડ રૂપિયા થાય છે. આ ક્ષેત્રમાં લગભગ 80 મિલિયન લોકો કામ કરે છે. આ અર્થમાં, સરેરાશ, દર એક લાખ રૂપિયાની આવક માટે એક વ્યક્તિને કામ મળે છે. એસબીઆઈનું કહેવું છે કે જો અમેરિકાની આયાતને કારણે ભારતમાં દૂધની કિંમતમાં 15 ટકાનો ઘટાડો કરવામાં આવે તો તેનાથી ખેડૂતોની આવકમાં ઘટાડો તો થશે જ સાથે સાથે ભારતની અર્થવ્યવસ્થામાં આ સેક્ટરનું યોગદાન પણ ઘટશે. જો ફીડ, ઈંધણ, પરિવહન અને પારિવારિક મજૂરીનો ખર્ચ ઉમેરવામાં આવે તો જીવીએને લગભગ 51000 કરોડ રૂપિયાનું નુકસાન થશે.

જોકે રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો ભારત અને અમેરિકા અન્ય સેક્ટરમાં ટ્રેડ ડીલ કરે છે તો તેના ઘણા ફાયદા થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ભારત હાલમાં ઓર્ગેનિક ફૂડ અને મસાલા જેવા ઉચ્ચ મૂલ્યના ખેતપેદાશોની નિકાસ અમેરિકામાં એક અબજ ડોલરથી પણ ઓછા ભાવે કરે છે. અમેરિકામાં માગના આધારે નિકાસ વધારીને 3 અબજ ડોલર કરી શકાય છે.

સેનેટરી અને ફોટો સેનેટરી પ્રતિબંધ હટતા ફળો અને શાકભાજી જેવા કે કેરી, લીચી, કેળાની નિકાસ પણ વધી શકે છે. આ ઉપરાંત જો નોન ટેરિફ અવરોધો દૂર કરવામાં આવે તો આયુષ ઉત્પાદનો અને જેનેરિક દવાઓની નિકાસમાં પણ એકથી બે અબજ ડોલરનો વધારો થઈ શકે છે.

એસબીઆઈના અન્ય લાભોમાં સરળ વિઝા નિયમો, વધુ આઉટસોર્સિંગની તકો, કોલ્ડ સ્ટોરેજ અને સચોટ ખેતીમાં યુ.એસ.નું રોકાણ, ખોરાક, મશીનરી અને પશુચિકિત્સા ઉત્પાદનો જેવા કૃષિ ઇનપુટ્સની ઓછી કિંમતનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો ભારત ટેરિફને 25 ટકાથી નીચે રાખવામાં સફળ રહે છે, તો અમેરિકામાં કેમિકલ એક્સપોર્ટમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. ભારત આ ક્ષેત્રમાં ચીન અને સિંગાપોરના બજારના એક ભાગને નિયંત્રિત કરી શકે છે. જો ભારત આ બંને દેશોમાંથી 2 ટકા નિકાસ પણ પડાવી શકશે તો તેને જીડીપીના 0.2 ટકા જેટલો ફાયદો થશે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ,,	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/કેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ,,	૧૩૪	૩૦/૩૬ એફડી	---

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૫૦	કોપરેલ	૭૨૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૩૫૦	વનસ્પતિ ઘી	૨૪૦૦
સીંગતેલ (૫ લી)	૮૫૦	સનફલાવર	૨૨૩૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૪૯૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૯૦	દિવેલ	૨૪૨૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૨૫૦
સરસીયું તેલ	૨૭૮૦		

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૪૦૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૦૧૧૧૫
તેજાબી સોનું	૧૦૧૦૨૫
દાગીના-૨૨ કેરેટ	૯૬૦૬૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૯૬૦૮૦
સોનાનાં બિસ્કીટ	૧૦૧૧૧૫૦
ચાંદી (૯૯૯)	૧૧૬૧૫૦
ચાંદી સિક્કા	૧૧૭૬૫૦

જેન સ્ટ્રીટનો 4843 કરોડ રૂપિયાનો ગેરકાયદે નફો વસુલ્યો, પણ સેબી ફરી ટ્રેડિંગની મંજૂરી આપશે?

સેબીની તપાસ પુરી નહીં થાય ત્યાં સુધી ટ્રેડિંગ શરૂ થવાની સંભાવના નથી

નવી દિલ્હી, તા. 14: અમેરિકાની હાઈ-ફ્રિકવન્સી ટ્રેડિંગ કંપની જેન સ્ટ્રીટ કેપિટલે ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ ફરી શરૂ કરવા માટે સેબી પાસે મંજૂરી માગી છે. આ માટે કંપનીએ એસ્ક્રો એકાઉન્ટમાં લગભગ 4843.50 કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.

આ રકમ એ જ રકમ છે જેને સેબીએ બેંક નિફ્ટી ઈન્ડેક્સમાં હેરાફેરી કરીને કરવામાં આવેલા ગેરકાયદેસર નફા તરીકે ઓળખાવી હતી. સેબીએ અગાઉ વચગાળાનો આદેશ જારી કરીને નાણાં જપ્ત કરવાના નિર્દેશ આપ્યા હતા અને કંપનીને વેપાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

જેન સ્ટ્રીટ કહે છે કે તેઓએ પૂર્વગ્રહ વિના રકમ જમા કરાવી છે, જેનો અર્થ છે કે તેઓ હજી પણ કાયદા હેઠળ તેમના અધિકારો સુરક્ષિત રાખે છે અને કાનૂની માર્ગો લેવામાં અચકાશે નહીં.

સેબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કંપનીએ માંગ કરી છે કે હવે જ્યારે એસ્ક્રો એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે, ત્યારે વચગાળાના આદેશ હેઠળ કેટલીક શરતો દૂર કરવામાં આવે જેથી તેમને ફરીથી વેપાર કરવાની મંજૂરી આપવામાં આવે.

જો જેન સ્ટ્રીટ ટ્રેડિંગ ફ